# સૈનિક સ્કૂલ બાલાચડી ખાતે ૬૪મો વાર્ષિકોત્સવની ઉજવણી






જામનગર : જામનગરની સૈનિક સ્કૂલ બાલાચડી ખાતે તાજેતરમાં ૬૪મો વાર્ષિકોત્સવની ઉત્સાહ અને ભવ્યતાથી ઉજવણી કરવામાં આવી. શાળાના આચાર્ય કર્નલ શ્રેયશ મહેતાની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. શાળાની ગર્લ કેડેટ હેત્વી અને કેડેટ નિયતિએ આચાર્યનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

ભારતીય સંસ્કૃતિ પ્રમાણે શાળાના આચાર્ય દ્વારા પરંપરાગત દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની ઔપચારિક શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ આચાર્યએ શાળાનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો, જેમાં વર્ષ દરમિયાન શાળાની નોંધપાત્ર સિદ્ધિઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો અને કેડેટ્સને અધિકારીઓ તરીકે સંરક્ષણ દળોમાં પ્રવેશ માટે તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાના તેના મિશનનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો. તેમણે ભાર મૂક્યો કે શાળા વહીવટીતંત્ર સુધારેલ માળખાગત સુવિધાઓ, નવી શિક્ષણ પદ્ધતિઓ અપનાવવા અને હાલની સુવિધાઓના અપગ્રેડેશન જેવી નવીનતાઓ રજૂ કરીને ધોરણો વધારવા માટે સતત પ્રયત્નશીલ છે અને સર્વ પ્રકારે શાળાનો સર્વાંગી વિકાસ માટે ભાર મૂક્યો હતો.

વાર્ષિક અહેવાલ રજૂ કર્યા પછી શાળાના કેડેટ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો. કેડેટ રિયા અને દ્વારા શિવ તાંડવપર ભરતનાટ્યમ રજૂ કર્યું. કેડેટ્સ ગર્લ દ્વારા 'આરંભ હૈ પ્રચંડ' ગીત, છોકરાઓ દ્વારા સમૂહ નૃત્ય, હિન્દી કોમેડી સ્કીટ 'પૈસા ડબલ', કેડેટ શ્રેષ્ઠા જાડેજા અને કેડેટ હેમ્યારાજસિંહ જાડેજા દ્વારા તલવાર રાસનુંકૌશલ્ય દર્શાવામાં આવ્યુ. કેડેટ્સ ગર્લ દ્વારા જીવંત દેશભક્તિના નૃત્ય સહિત વિવિધ પ્રકારના પ્રદર્શનથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા. આ કાર્યક્રમમાં વાલીઓ અને મહેમાનો પર કાર્યક્રમની જીવંતછબી દર્શાવવામાં આવી. આચાર્યએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે વિવિધ શૈક્ષણિક અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા કેડેટ્સને ઈનામો, ટ્રોફી અને પ્રમાણપત્રો એનાયત કર્યા. આંગ્રે હાઉસના કેડેટ તીર્થ પટેલને ધોરણ ૧૨માં ગણિત, ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રમાં સૌથી વધુ ગુણ મેળવવા બદલ પ્રમાણપત્ર, રોકડ પુરસ્કાર અને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી, ટાગોર હાઉસના કેડેટ આદર્શ કુમારને ધોરણ બારમાં બાયોલોજીમાં સૌથી વધુ ગુણ મેળવવા બદલ પ્રમાણપત્ર, રોકડ પુરસ્કાર અને રોલિંગ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. શિવાજી હાઉસના કેડેટ પ્રિન્સ કાથરોટીયા ધોરણ બારમાં કમ્પ્યુટર સાયન્સમાં સૌથી વધુ ગુણ મેળવવા બદલ પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

જ્યારે ધોરણ બારમાં અંગ્રેજીમાં સૌથી વધુ ગુણ મેળવવા બદલ ટાગોર હાઉસના કેડેટ શિવ કનારાને ઈનામ આપવામાં આવ્યું હતું. શાળાનીસર્વાંગી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર હાઉસ માટે પ્રતિષ્ઠિત 'કોક હાઉસ ટ્રોફી' શિવાજી હાઉસે જીતી હતી, જ્યારે 'બેસ્ટ હોલ્ડિંગ હાઉસ' ટ્રોફી અહલ્યાબાઈ હાઉસે જીતી હતી. સિનિયર ગ્રુપ અને જુનિયર ગ્રુપમાં એકેડેમિક ટ્રોફી અનુક્રમે શિવાજી હાઉસ અને નેહરુ હાઉસે જીતી હતી.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે શ્રેષ્ઠ દ્વઢ્ઢ્છ કેડેટ માટે પ્રતિષ્ઠિત 'શહીદ કેપ્ટન નીલેશ સોની મેડલ' આંગ્રે હાઉસના કેડેટ તીર્થ પટેલને એનાયત કરવામાં આવ્યો હતો. તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ 'મ્જીજીછ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા તેમને ?૨૫,૦૦૦ અને ૧૯૭૩ના ગોલ્ડન જ્યુબિલી બેચ દ્વારા ૧૬,૦૦૦ના રોકડ પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૪-૨૫ માટે શ્રેષ્ઠ ઓલ રાઉન્ડ કેડેટ એવોર્ડ આંગ્રે હાઉસના કેડેટ પ્રિન્સ રાજ (વરિષ્ઠ શ્રેણી), ટાગોર હાઉસ (જુનિયર શ્રેણી) ના કેડેટ યુવરાજ સિંહ અને અહિલ્યાબાઈ હાઉસ (ગર્લ્સ શ્રેણી) ના કેડેટ અર્પિતા હળદકરને એનાયત કરવામાં આવ્યા હતા. પ્રતાપ હાઉસના કેડેટ રુદ્ર ચૌધરીને વર્ષની શ્રેષ્ઠ એથ્લીટ જાહેર કરવામાં આવી હતી, જ્યારે અહિલ્યાબાઈ હાઉસના કેડેટ ધ્વની બોરાડને કલામાં શ્રેષ્ઠ માટે એવોર્ડ મળ્યો હતો.

શ્રેષ્ઠ વાદવિવાદક (હિન્દી) એવોર્ડ ગરુડા હાઉસના ધો. ૧૨ના કેડેટ અભય રાજને આપવામાં આવ્યો હતો, જ્યારે શ્રેષ્ઠ વાદવિવાદક (અંગ્રેજી) એવોર્ડ સંયુક્ત રીતે ટાગોર હાઉસના ધોરણ ૧૨ ના કેડેટ જશ કપોપરા અને પ્રતાપ હાઉસના ધોરણ ૧૨ ના કેડેટ શિવમ ગવારને આપવામાં આવ્યો હતો. ધોરણ ૧૨ માટેનો બહુમુખી પ્રતિભાશાળી કેડેટ એવોર્ડ ગરુડા હાઉસના કેડેટ જય માણેકને એનાયત કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૨૪-૨૫ માટેનો 'શાળાનો શાઈનિંગ સ્ટાર' એવોર્ડ અહિલ્યાબાઈ હાઉસના કેડેટ શ્રેષ્ઠાબા જાડેજાને આપવામાં આવ્યો હતો. ભૂતપૂર્વ પ્રિન્સિપાલ જીપી કેપ્ટન વી કે કૌશલ દ્વારા ધોરણ ૧૨ ઝમ્જીઈ બોર્ડ પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવવા બદલ તેમના માતૃશ્રી યાદમાં સ્થાપિત સ્વર્ગસ્થ શ્રીમતી રામરતી દેવી કૌશલ રોલિંગ ટ્રોફી કેડેટ તીર્થ પટેલને એનાયત કરવામાં આવી હતી.જેને પરીક્ષામાં ૮૩.૬% મેળવ્યા હતા.

આ પ્રસંગે, NDA - 'પાલન મન', 'પ્રદર્શન કઠોરતા', 'ગ્લોરી પ્રાપ્ત કરવી' થીમ પર આધારિત શાળા મેગેઝિન 'સંદેશક ૨૦૨૪-૨૫' ના ડિજિટલ સંસ્કરણનું આચાર્ય દ્વારા વિમોચન કરવામાં આવ્યું. કલા, ગણિત અને અંગ્રેજી વિભાગ દ્વારા એક પ્રદર્શન પણ પ્રદર્શિત કરવામાં આવ્યું હતું અને બધા મુલાકાતીઓ દ્વારા તેની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી.

OBSSA ના સભ્યો, કેડેટના વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને તેમના બાળકોના પ્રદર્શન પર અપાર ગર્વ અને ખુશી વ્યક્ત કરી. શાળાના વાઈસ પ્રિન્સિપાલ સ્ક્વોડ્રન લર્ડ રાકેશ તિવારી દ્વારા આભારવિધિ કરવામાંઆવી અને કાર્યક્રમના અંતે રાષ્ટ્રગાન દ્વારા કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

## જામનગરના એફએમસીજી ડીસ્ટ્રીબ્યુટર એસો.ના પ્રમુખ પદે વ્યોમેશ લાલની પૂનઃ પસંદગી

જામનગર : જામનગર એફએમસીજી ડિસ્ટ્રીબ્યુટર એસોસિએશનની વાર્ષિક સાધારણ સભા તા. ૧૧ જાન્યુઆરી રવિવારના રોજ આતિથ્ય રેસ્ટોરન્ટમાં યોજાઇ હતી, જેમાં નવા બે વર્ષ માટેના હોદ્દેદારોની વરણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં આગામી બે વર્ષ માટે એટલે કે ૨૦૨૬-૨૭ના વર્ષ માટે તમામ સભ્યોની ઉપસ્થિતિમાં મીત સેલ્સ એજન્સી વાળા વેપારી વ્યોમેશભાઈ લાલ ઉપર દરેક સભ્યોએ પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો, અને તેઓને પ્રમુખ તરીકે પુનઃ રીપીટ કર્યા છે.

આ ઉપરાંત તેઓની સમગ્ર ટીમને પણ સર્વાનુંમતે રીપીટ કરવામાં આવ્યા છે. જેમાં મંત્રી તરીકે રેનીશભાઈ પટેલ, ઉપ પ્રમુખ તરીકે કપિલભાઈ નાખવા, સહમંત્રી તરીકે રવિભાઈ ચાવડા, ખજાનચી તરીકે દીપકભાઈ ઓઝા, તેમજ કારોબારી સભ્યમાં નિલેશભાઈ રાયઠઠ્ઠા, મેહુલભાઈ રાયઠઠ્ઠા, કિર્તીભાઈ દવે, ચંદ્રેશભાઈ સદારંગાણી, પરેશભાઈ મહેતા, અને વિજયભાઈની નિમણૂક કરવામાં આવી છે. આગામી બે વર્ષના પ્રમુખ તરીકે રીપીટ થયેલા વ્યોમેશ લાલે આવતા બે વર્ષ દરમિયાન એસોસિએશનને જુદા જુદા કાર્ય થકી આગળ વધારવાની ઈચ્છા દર્શાવી હતી, જેનું દરેક હાજર રહેલા સભ્યોએ હાથ ઊંચા કરીને સમર્થન આપ્યું હતું. જેના પ્રથમ પ્રયાસ રૂપે ફેબ્રુઆરી મહિનામાં પારિવારિક પ્રવાસનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## જામનગરની ડીકેવી કોલેજના પાંચ વિદ્યાર્થીઓને ૪૦ હજારની એન્ટરપ્રેન્યોરશિપ ગ્રાન્ટ મળી

જામનગર : જામનગર શહેરની શૈક્ષણિક સંસ્થા ડીકેવી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ માટે ગૌરવપૂર્ણ સમાચાર પ્રાપ્ત થયા છે. કોલેજના પાંચ તેજસ્વી વિદ્યાર્થીઓની નવતર વ્યવસાયિક વિચારધારાને પ્રોત્સાહન આપવા માટે પ્રત્યેકને રૂ.૪૦,૦૦૦ની એન્ટરપ્રેન્યોરશિપ ગ્રાન્ટ એનાયત કરવામાં આવી છે.

આજના યુગમાં જ્યારે 'સ્ટાર્ટઅપ' અને 'આત્મનિર્ભરતા' પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે, ત્યારે જામનગર ની ડીકેવી. કોલેજના આ વિદ્યાર્થીઓએ પોતપોતાના ઈનોવેટિવ પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. આ પ્રોજેક્ટ્સની ગહન ચકાસણી બાદ, તેમની પસંદગી પ્રતિષ્ઠિત ગ્રાન્ટ માટે કરવામાં આવી છે. આ આર્થિક સહાયનો ઉપયોગ વિદ્યાર્થીઓ તેમના વ્યવસાયિક વિચારોને વાસ્તવિકતામાં બદલવા અને નવા સાહસ શરૂ કરવા માટે કરશે.

આ મહત્વની સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓમાં કુ. રિષિતા કલ્પેશભાઈ ઈસ્લાણીયા, કરણ ગોપાલભાઈ બેરા, કપિલ પરબતભાઈ ડુવા, રાહુલ ધરમશીભાઈ કણજારીયા, કુ. હિતજ્ઞા લાખાભાઈ ડાંગરનો સમાવેશ થાય છે. કોલેજના આચાર્ય ડો. પી. વી. બાણગોરીયાએ તમામ વિદ્યાર્થીઓને રૂબરૂ મળીને અભિનંદન પાઠવ્યા હતા. અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા હતા. આચાર્યએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓમાં રહેલી ઉદ્યોગ સાહસિકતાને ખીલવવા માટે કોલેજ હંમેશા તત્પર છે. આચાર્યએ જણાવ્યું હતું કે, આ સિદ્ધિ માત્ર પાંચ વિદ્યાર્થીઓની જ નથી, પરંતુ સમગ્ર કોલેજ માટે પ્રેરણારૂપ છે. અમે હંમેશા એવું વાતાવરણ પૂરું પાડવા માંગીએ છીએ જ્યાં વિદ્યાર્થીઓ માત્ર નોકરી શોધનારા નહીં, પણ નોકરી આપનારા બને.

આ સમગ્ર પ્રક્રિયામાં એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ સેલના કો-ઓર્ડિનેટર ડો. અનિલ કે. મહિડા તેમજ કમિટી મેમ્બર્સ ડો. ધર્મેન્દ્ર નકુમ અને પ્રો. ચિરાગ રાજાઈનું વિશેષ માર્ગદર્શન મળ્યું હતું. આ ટીમના પ્રયત્નો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ રિપોર્ટ અને ગ્રાન્ટની પ્રક્રિયામાં સતત સહયોગ પ્રાપ્ત થયો હતો.

આર્થિક સહાય પ્રાપ્ત થતા વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો માહોલ છે. અને તેઓ પોતાના સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ્સને આગળ વધારવા માટે સજ્જ થયા છે. કોલેજ પરિવાર અને જામનગરના શિક્ષણ જગતે આ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

## ફૂટબોલમાં ગુજરાતની ગર્લ્સ ટીમને મળ્યો સિલ્વર મેડલ



જામનગર : ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ મહિલા ફૂટબોલમાં ગુજરાતને સતત બીજા વર્ષે સિલ્વર મેડલ મળ્યો હતો. ફાઈનલમાં ગુજરાતની ટીમનો ઓડિશા સામે ૨-૧ થી પરાજય થયો હતો. ઓડિશા તરફથી મનીષા નાઈક અને અંબાલિકાએ ગોલ ફટકાર્યા હતા. જ્યારે ગુજરાત તરફથી જામનગરની વતની ભુમિષા દ્રવિડે એક માત્ર ગોલ કર્યો હતો. ગુજરાતે અગાઉ સેમિ ફાઈનલમાં ૬-૩ થી અરૂણાચલને અને ઓડિશાએ ૭ થી હિમાચલ પ્રદેશને પરાજીત કર્યું હતુ.

## વોર્ડ નં. ૧૨ના પટણીવાડ વિસ્તારમાં સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત



જામનગર : તારીખ ૨૩-૧ શુક્રવારના રોજ વોર્ડ નંબર ૧૨ના પટણીવાડ વિસ્તારમાં ખાટકીવાડથી મટનમાર્કેટ સુધી અંદાજિત રૂપિયા ૭૫ લાખના ખર્ચે સી.સી.રોડના કામનું ખાતમુહૂર્ત પૂર્વ વિરોધપક્ષ નેતા અને કોર્પોરેટર અસલમભાઈ ખીલજી, કોર્પોરેટર વકીલ જેનબબેન ખફી તથા સંધી સમાજના પ્રમુખ હાજી રીઝવાનભાઈ જુણેજા દ્વારા કરવામાં આવ્યું.

આ તકે પટણી સમાજના પ્રમુખ જુસબભાઈ કુરેશી (તન્દ્ર) તથા આગેવાન બોડી, ગુજરાતી સમાજના પ્રમુખ બસીરભાઈ મલેક તથા આગેવાન બોડી, ખાટકી સમાજ આગેવાન બોડી, સીદી સમાજ આગેવાન બોડી, જાકીર સર પંજા, રફીકભાઈ ખીલજી, અનવરભાઈ ખીલજી, આસિફભાઈ ખીલજી, બબુભાઈ કુરેશી (ડિશવાળા), હનીફભાઈ શેખ(સદામ રેસ્ટોરન્ટ), નાઝીરભાઈ ખફી, અસગરભાઈ શેખ, હસનભાઈ ખીલજી, અલીભાઈ પંજા, મોઈનભાઈ કુરેશી (એસ.કે. રેસ્ટોરન્ટ), હનીફભાઈ કુરેશી, હુશેનભાઈ મેણા, અનવરહુશેન બાદશાહ, જહુરભાઈ બેલીમ, બાબાભાઈ અગવાન સહિત બહોળી સંખ્યામાં સ્થાનિકો હાજર રહ્યા હતા.

## દ્વારકા જિલ્લાના દુર્ગમ ટાપુઓ પર રાષ્ટ્રધ્વજ લહેરાયો




૭૭માં પ્રજાસત્તાક પર્વના પાવન અવસરે પોલીસ અધિક્ષક શ્રી જયરાજસિંહ વાળાના માર્ગદર્શનમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ, મરીન ટાસ્ક ફોર્સ (સ્હ્લ) તથા ભારતીય નૌકાદળના સંયુક્ત આયોજન હેઠળ જિલ્લાના અતિ દુર્ગમ અને દરિયાઈ વિસ્તારમાં આવેલા ટાપુઓ પર ગૌરવભેર રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો હતો.

આ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના દુર્ગમ અઝાડ, ધબધબો, લેફામારૂડી, માનમરૂડી, સામિયાણી, રોજી, સિયાયડી, ગાડૂ, કાળુભાર, ભૈદર, ખારા ચુસણા, મીઠા ચુસણા, દિવડી, કૂડચલી તથા આસાભા સહિત કુલ ૧૫ ટાપુઓ પર રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રીય એકતા, અખંડતા અને દેશપ્રેમની ભાવનાનો સંદેશ આપવામાં આવ્યો હતો. દરિયાઈ સુરક્ષા સાથે રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક બનેલી આ અનોખી પહેલ દ્વારા સુરક્ષા દળોની સતર્કતા, સમર્પણ અને દેશભક્તિ ઉજાગર થઈ હતી. આ કાર્યક્રમ દ્વારા દેશના છેવાડાના વિસ્તારમાં રાષ્ટ્રીય એકતાની ભાવનાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી અંતર્ગત ચૂંટણીમાં શ્રેષ્ઠ કામગીરી કરનારાને કરાયા સન્માનિત





જામનગર : ભારતના ચૂંટણી પંચની સ્થાપના ૨૫ મી જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ કરવામાં આવી હતી જેના ભાગરૂપે દર વર્ષે આ દિવસને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષસ્થાને ૧૬ મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કલેક્ટર કેતન ઠક્કરે જણાવ્યું હતું કે, ભારતનું ચૂંટણીપંચ ઉત્તમ વ્યવસ્થાપનનું આદર્શ ઉદાહરણ છે. એસ.આઈ.આર. અંતર્ગત મતદાર યાદીને વધુ સચોટ, પારદર્શક અને અપડેટ બનાવવાના ઉદ્દેશથી ઘરદીઠ સર્વે પૂર્ણ કરી સચોટ મતદાર યાદી બનાવવામાં આવી રહી છે. આ કામગીરીમાં બીએલઓ, સુપરવાઈઝર, ચૂંટણી કર્મચારીઓ તથા સ્વયંસેવકો દ્વારા ખૂબ જ જવાબદારીપૂર્વક અને નિષ્ઠાપૂર્વક કામગીરી કરવા બદલ કલેક્ટરએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

યુવાનો દેશનું ભવિષ્ય છે અને જ્યારે યુવા મતદાતા જાગૃત બને છે, ત્યારે લોકતંત્ર વધુ મજબૂત બને છે. આપણે સૌએ નિષ્પક્ષ અને જવાબદારીપૂર્વક મતદાન કરી લોકશાહીને મજબૂત બનાવવાની દિશામાં યોગદાન આપવું જોઈએ.

કાર્યક્રમમાં મતદાન કરી અન્યને પ્રેરણા પૂરી પાડતા વરિષ્ઠ તેમજ દિવ્યાંગ મતદારોનું મહાનુભવોના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતુ તેમજ નવા નોંધાયેલા યુવા મતદારોને ચૂંટણીકાર્ડ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે જામનગર જિલ્લામાં ચૂંટણી કામગીરી કરનાર પ્રાંત અધિકારીઓ, મામલતદાર ઓ, કર્મચારીઓ , વિધાનસભા મત વિસ્તાર વાઈઝ શ્રેષ્ઠ કામગીરી બદલ બુથ લેવલ ઓફિસર, બીએલઓ, વગેરેનું સમ્માન કરી કલેકટરએ અભિનંદન પાઠવ્યા હતા. આ ઉજવણીના ભાગરૂપે જિલ્લા કલેકટર કચેરીના પટાંગણમાં રાષ્ટ્રીય મતદાતા દિવસને અનુરૂપ સુંદર રંગોળીનું નિર્માણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેએ મતદાન કરવા અંગે શપથગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમમાં અધિક નિવાસી કલેક્ટર શારદા કાથડ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી દીપા કોટક, પ્રાંત અધિકારીઓ, વિવિધ વિભાગના અધિકારીઓ વગેરે ઉપથિત રહ્યા હતા.

## શિવરાજપુર બીચ પર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકામાં આવેલ શિવરાજપુર બીચ બ્લ્યુ ફલેગનું સર્ટિફીકેટ ધરાવતો હોય નિયમાનુસાર જાળવણી હેતુ દેવભૂમિ દ્વારકા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા કેટલાક પ્રતિબંધો લગાવ્યા છે જે અનુસાર શિવરાજપુર બીચના સુધીના શિવરાજપુર બીચ વિસ્તારમાં ૫ (પાંચ) કિમી ત્રિજ્યા વિસ્તાર અને HTL થી ૩૦૦ મીટર ભૂમિ તરફના વિસ્તારમાં જાહેર અથવા ખાનગી વાહન ચલાવવું અથવા તેનો ઉપયોગ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવ્યો છે. આ જાહેરનામું તા.૨૫-૦૩-૨૦૨૬ સુધી અમલમાં રહેશે જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

## હેપ્પી બર્થ-ડે

### માધવ ગઢવીનો આજે જન્મદિવસ




મારું નામ માધવ ગઢવી છે. મારા પપ્પાનું નામ વિજયદાન છે. મારા મમ્મીનું નામ ધારાબા છે. આજે મારો જન્મદિવસ છે. હું મારા દાદા આવડદાન અને દાદીમા મધુબાનો લાડલો છું. મારા મોટાબાપુ હર્ષદિવદાન અને મોટાબા શીતલબા મને દરરોજ ફરવા લઈ જાઈ છે. મારા ભાઈ યુગ અને પ્રથમ સાથે મસ્તી કરવાની ખૂબ જ મજા આવે છે. આજે કેક પાર્ટીમાં જરૂર આવજો..... જય... માતાજી